
## સ્વચ્છતા સર્વેક્ષણને નામે કાગળ પર ઘોડા દોડી ગયા પણ જમીન પર સ્વચ્છતા માટે જોવાતી રાહ

# ‘નં.1’, ‘સુપર સ્વચ્છ’ની ઉજવણી તો મનપાએ કરી લીધી... પણ ‘સાચી સ્વચ્છતા’નો ‘લ્હાવો’ સુરતીઓને મળશે ખરો?

**સુરતમાં સ્વચ્છતાના મામલે માત્ર કાગળ પર જ ઘોડા દોડે છે. સુરતને ‘સુપર સ્વચ્છ’ શહેર તરીકે સ્થાન મળે તો સુરતીઓને આનંદ થાય પરંતુ સિક્કાની બીજી બાજુ એ છે કે સુરતના વિવિધ વિસ્તારોમાં પારાવાર ગંદકી જોવા મળે છે. આખા દેશને સુરત ‘સુપર સ્વચ્છ’ છે તેવું દેખાડવામાં આવ્યું પરંતુ ખુદ સુરતીઓ જ એવું માનતા નથી કે સુરત ‘સુપર’ તો ઠીક ‘સ્વચ્છ’ પણ નથી. કારણ, ઠેકઠેકાણે મચ્છરોનો ત્રાસ, તો ક્યાંક ગંદકીના ઢગલા... કચરાપેટી ઉઠાવી લીધી પરંતુ લોકો હજુ પણ કચરો નાખે છે અને મનપાના અધિકારીઓ આરામ જ કરે છે. દિવસો સુધી આ કચરો ઉઠતો નથી. પશુઓ ખાય છે. લોકો હેરાન થાય છે. અનેક રસ્તાઓ એવા છે કે ત્યાંની ગંદકીને કારણે ત્યાંથી પસાર થવું પણ દોહ્લું હોય છે. વેસુ, પાલ જેવા કેટલાક વિસ્તારોને જ ચમકાવવાથી આખું શહેર ક્યારેય સ્વચ્છ થતું નથી. સુરતનો ખુણેખુણો સ્વચ્છ થાય ત્યારે જ સુરત શહેર સ્વચ્છ ગણાશે. સુરતીઓ જ્યારે કહેશે ત્યારે સુરત શહેર સ્વચ્છ ગણાશે. અહીં કેટલાક વિસ્તારોની તસવીરો રજૂ કરવામાં આવી છે. જે ખુદ કહે છે કે સુરત કેટલું ગંદુ છે. જો અધિકારીઓને સ્હેજેય શરમ હોય તો તેઓ એવા પ્રયત્નો કરે કે સુરત શહેર ખરેખર ‘સ્વચ્છ’ અને ‘સુપર સ્વચ્છ’ છે તેવો અનુભવ થાય....**




■ ઘરે-ઘરે ફરીને મચ્છરોના બ્રિડિંગને નામે દંડ ઉઘરાવતાં સુરત મહાપાલિકાના અધિકારીઓને તેમના જ આંજણા ખાતેના કચરાના ટ્રાન્સફર સ્ટેશન પાસે ભરાયેલા પાણીમાં જાણે લાખો મચ્છરોનું પ્રસુતિગૃહ દેખાતું નથી.




■ કતારગામમાં અંક્તિનગર પાસે લોનનું પાટિયાની નીચે જ ગંદકી છે, ત્યારે શું મનપાએ ગંદકી ખસેડવા લોન લેવી પડશે.




■ મક્કાઈપુલના અડાજણ તરફના છેડે જ્યારે જુઓ ત્યારે આ સ્થળ પર ગંદકીના ઢગલા હોય છે. એવોર્ડ લેનાર અધિકારીઓએ શું ક્યારેય આ ગંદકી જોઈ જ નથી ??







■ સગરામપુરા, રાજેશ્રી હોલ પાસે કચરો અને ઉપરથી રખડતાં પશુ, મનપાના બે-બે વિભાગની જવાબદારી, કચરાને નહીં ઉઠાવવાને પશુઓના પેટમાં પ્લાસ્ટિક જાય છે. મનપાને પશુઓની પણ પડી નથી!




■ રૂદરપુરામાં કચરાને મનપા દ્વારા ઉઠાવવામાં આવતો નથી. સરવાળે ગંદકીની સાથે સાથે કૂતરાંઓ કચરાને ફેંદીને વધુ ગંદકી ફેલાવે છે.




■ રાંદેર, ઝંડાચોકમાં જ્યાં સુરત મનપા દ્વારા કચરો ફેંકનારને 500 રૂપિયાના દંડનું બોર્ડ મારવામાં આવ્યું છે ત્યાં જ કચરાના ઢગલા છે. જો મનપા અહીંયા દંડ વસૂલે તો માલામાલ જાય તેમ છે.




■ સોનીફળિયા, આર્યસમાજ પાસે કાયમ માટે રહેતી ગંદકીને કારણે એવી હાલત છે કે ‘ગંદકી કરવી નહીં’ તેવી સૂચના જ ભુલાઈ ગઈ છે.

## ખોટા હાજરી પત્રક બનાવી રૂપિયા 3.67 લાખની છેતરપિંડીમાં શક્તિ સિક્યુરિટીના બે ઝડપાયા

**સિક્યુરિટી** એજન્સીએ ત્રણ સિક્યુરિટી ગાર્ડની જગ્યાએ શાળામાં એક જ સિક્યુરિટી ગાર્ડ મુકી છેતરપિંડી આચરી હતી




### આરોપીઓની ગુનામાં ભૂમિકા

- » કાળુભાઈ મગનભાઈ પોશીયા (સિક્યુરિટી ગાર્ડ) સુપરવાઇઝર કૌશલપ્રસાદની મદદથી પોતાના સાઢુભાઈ અતુલભાઈ ગજેરા અને અન્ય બે ઓળખીતા વ્યક્તિઓના ખોટા નામો હાજરી પત્રકમાં ઉમેરી ગુનો આચર્યો હતો. કાળુની પત્ની આ દરમિયાન સ્કૂલ મેનેજમેન્ટમાં સભ્ય તરીકે હતી. કાળુ વિરુદ્ધ વર્ષ 2022માં કામરેજમાં સ્કૂલમાં મારામારીનો ગુનો નોંધાયો છે.
- » કૌશલપ્રસાદ સિંગરોલ એક જ સિક્યુરિટી ગાર્ડ રાખીને હાજરી પત્રકમાં બે વધારાના ગાર્ડના નામ ઉમેરી, ખોટા હાજરી પત્રક તૈયાર કરી ગુનો આચર્યો હતો.

સુરત : લસકાણા પોલીસે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત શહેરની કચેરીમાં ખોટા હાજરી પત્રક અને પગાર બિલ રજૂ કરી રૂપિયા 3,67,800ની છેતરપિંડી કરનારા શક્તિ સિક્યુરિટીના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

શહેર પોલીસ કમિશનરની સૂચનાઓને પગલે લસકાણા પોલીસે નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. ગત 14 જુલાઈ, 2025ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈન્ચાર્જ શાસન અધિકારીએ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, શક્તિ સિક્યુરિટી એજન્સીને વર્ક ઓર્ડર અનુસાર ત્રણ સિક્યુરિટી ગાર્ડ 8-8-8 કલાકની ત્રણ શિફ્ટમાં નિમણૂક કરવા જણાવ્યું હતું. જોકે, જુલાઈ 2024થી માર્ચ 2025 સુધીના નવ માસ દરમિયાન કઠોદરાની શાળામાં માત્ર એક જ સિક્યુરિટી ગાર્ડ ગુણવંતભાઈ ગોકુળભાઈ ભુવા ફરજ બજાવતો હતો. આમ છતાં, આરોપીઓએ બે વધારાના ગાર્ડના નામ ઉમેરી ખોટા હાજરી પત્રક અને પગાર બિલ તૈયાર કરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરીમાં રજૂ કરી રૂપિયા 3,67,800ની છેતરપિંડી આચરી હતી. આ ફરિયાદના આધારે લસકાણા પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. જે બાદ લસકાણા પોલીસના સર્વેલન્સ સ્ટાફે આરોપીને પકડવા અલગ-અલગ ટીમો બનાવી હતી. એક ટીમે હ્યુમન સોર્સિસ અને ટેક્નિકલ વર્કઆઉટના આધારે આરોપીઓ (1) કાળુભાઈ મગનભાઈ પોશીયા (રહે. શાંતિનિકેતન સોસાયટી, કઠોદરા, સુરત) અને (2) કૌશલપ્રસાદ લટકનપ્રસાદ સિંગરોલ (રહે. EWS આવાસ, બોમ્બે માર્કેટ રોડ, પુણાગામ, સુરત)ને ઝડપી પાડ્યા હતા.

## હેડક્વાર્ટરના પોલીસ કર્મીનો પરસ્ત્રી સાથેના સંબંધમાં પત્ની અને દિકરા પર જીવલેણ હુમલો

**ચાર** પરિવારજનો પર ચપ્પા વડે હુમલો કરનારની ધરપકડ

સુરતઃ શહેરના અલથાણ વિસ્તારમાં ગઈકાલે રાત્રે પારિવારિક ઝઘડો હિંસક વળાંક લેતા પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા એક કર્મચારી સામે તેના જ પુત્ર અને પત્ની પર જીવલેણ હુમલાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીનું નામ રામચંદ્ર કૃષ્ણા દેવરે છે અને તેઓએ પત્ની સુરેખાબેન અને પુત્ર મોહિત તથા પુત્રી ભૂમિને માર માર્યો હોવાનો આરોપ છે. પોલીસે આરોપીને પકડી પાડ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ રાત્રે પોણા નવેક વાગ્યાના સુમારે આરોપી રામચંદ્ર દેવરે પોતાના ઘરે પત્ની સુરેખાબેન સાથે અગાઉના સબંધી મહિલા સાથેના પ્રેમસબંધને લઈને ઝઘડો કર્યો હતો.

ત્રાસજનક વાતચીત દરમિયાન તેમણે પત્નીને તમાચો ઝીંક્યો હતો. જેથી પુત્ર મોહિત (ઉ.વ. 22, રહે. પુરુષોત્તમ નગર, અલથાણ ગાર્ડન પાસે) અને પુત્રી ભૂમિ વચ્ચે પડ્યા હતા. ઝઘડો વધુ ઉગ્ર બનતા આરોપીએ પોતાના ફોર વ્હીલરમાંથી ચપ્પા કાઢી અને તેમને મારવાનો ઈરાદે હુમલો કર્યો હતો. હુમલામાં મોહિતને જમણા હાથના કાંડા અને પેટના ભાગે તથા ડાબા હાથની આંગળી પર ઈજા પહોંચી હતી. જ્યારે માતા સુરેખાબેનને ડાબા ગાલ પર ઘા માર્યો હતો.

આ મામલે પોલીસને જાણ કરતા અલથાણ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે કાર્યવાહી કરી રામચંદ્ર દેવરે પકડી પાડી પોલીસ સ્ટેશન લઈ આવી હતી.આ મામલે પોલીસે મોહિત દેવરેની ફરિયાદ લઈ હુમલાખોર રામચંદ્ર વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.આ મામલે પોલીસે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે હાલ સીક રજા પર છે.

### અગાઉ પત્નીએ ડોમેસ્ટિક વાયોલેન્સની ફરિયાદ કરી હતી

આ મામલાને લઈને અગાઉ પણ પત્ની દ્વારા ડોમેસ્ટિક વાયોલેન્સ હેઠળ ફરિયાદ કરવામાં આવી હતી. ઘરમાં પતિના બાહ્ય સંબંધોને કારણે ઘણીવાર કંકાસ થતો રહેતો હોવાનું જણાવાયું છે. હાલમાં આરોપી પિતાની વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

**ચેમ્બર દ્વારા સરસાણા ખાતે વિવનીટ એક્ઝિબીશનનો ભવ્ય શુભારંભ**

## સુરતમાં 10,000 ટન યાર્નની જરૂર સામે ત્રણેક વર્ષમાં 20,000 ટન થવાની સંભાવના : મનમોહન સિંઘ

**દરરોજ** કોટનની 2000 ટન સુધીની ઘટ વર્તાશે ત્યારે વિસ્કોસ અને મોડાલ એ લોકોની પ્રથમ પસંદગી રહેશે : મનમોહન સિંઘ

**દક્ષિણ** ગુજરાત માટેનું રિજીયોનલ વાઇબ્રન્ટ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતમાં ગુજરાત સરકારની સાથે મળીને યોજાશે : નિખિલ મદ્રાસી



સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૮થી ૨૦ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે વિવનીટ એક્ઝિબીશન- ૨૦૨૫ નો શુભારંભ થયો છે. ઉદ્ઘાટક બિરલા સેલ્યુલોસ - ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગૃપ એક્ઝિક્યુટીવ પ્રેસિડેન્ટ મનમોહન સિંઘના હસ્તે થયો છે. આ પ્રસંગે ગુજરાત સરકારના જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ ડી.એમ. જાડેજાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહને સંબોધતા બિરલા સેલ્યુલોસ - ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગૃપ એક્ઝિક્યુટીવ પ્રેસિડેન્ટ મનમોહન સિંઘે જણાવ્યું હતું કે, સુરત પોતાનામાં જ યુનિક ઈકો સિસ્ટમ છે. સુરતમાં હાલ 10,000 ટન યાર્નની જરૂર પડી રહી છે, જે આગામી ત્રણેક વર્ષમાં 20,000 ટન થવાની સંભાવના છે. અત્યારે સુરતમાં 2000 ટન યાર્ન બને છે. આ સિવાયનું યાર્ન આયાત કરવામાં આવે છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં સૌથી વધારે વેલ્યુએશન ગારમેન્ટીંગમાં છે. સુરતમાં ગારમેન્ટીંગ થવાનું ચાલુ થયું છે.

આ ઉપરાંત વુમન કુર્તીમાં ઈન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, વર્ષ 2030 સુધીમાં ભારતમાં રોજ કોટનની 2000 ટન સુધીની ઘટ વર્તાશે ત્યારે વિસ્કોસ અને મોડાલ એ લોકોની પ્રથમ પસંદગી રહેશે.ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ અને વણાટ ઉદ્યોગ સુરતના અર્થતંત્રની કરોડરજ્જુ છે ત્યારે ચેમ્બર દ્વારા આયોજિત વિવનીટ એક્ઝિબીશન ઉદ્યોગકારો અને બાયર્સ માટે નેટવર્કિંગ અને નવી ટેક્નોલોજીને જાણવા માટેનું ઉત્તમ મંચ છે. સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ ધપાવવાનો ચેમ્બર દ્વારા સતત પ્રયત્ન કરવામાં આવે છે.